NANUBHAI EDUCATION FOUNDATION
INSPIRE · EMPOWER · TRANSFORM

## શિષ્યવૃત્તિ અરજીપત્રક ભરવા માટેના સુચનો:

**પગલું 1: નીચે દર્શાવેલ દસ્તાવેજો/પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ મેળવો:**

1. ધો.10 અને 11ની પ્રમાણિત કરેલ માર્કશીટની નકલ
2. મામલતદારશ્રીનો ચાલુ વર્ષનો આવકનો દાખલો
3. રેશન કાર્ડ
4. એલ. સી (જો હોઇ તો)
5. આધાર કાર્ડ અથવા ચુંટણી કાર્ડ

**પગલું 2:** અરજી ફોર્મની તમામ વિભાગો પૂર્ણ કરો. કલમ બી માટે, તમે વધારાના ઘરના સભ્યોની માહિતી ભરવા માટે વધુ જગ્યાની જરૂર હોય તો કાગળ પાછળ લખી શકો છો. જ્યાં સર્કલ કરવાનું છે ત્યાં સર્કલ કરવું.

**પગલું 3:** અરજી પત્રકમાં તમારો તાજેતરનો એક પાસપોર્ટ સાઇઝ નો ફોટો ચોંટાડો.

**પગલું 4:** તમારી સહી અને અરજીની જે તે તારીખ લખવી. તમારા માતાપિતા (વાલી)ની સહિ અને અરજીની તારીખ લખવી.

**પગલું 5 :** તમારા રેકોર્ડ્સ માટે અરજીપત્રકની એક કોપી ઝેરોક્ષ કરવી.

**પગલું 6:** અરજી ફોર્મ સાથે તમામ દસ્તાવેજો જોડો અને તમારી શાળામાં અથવા નીચે દર્શાવેલ સરનામેં મોકલી આપો.

**પોસ્ટ/ કુરિયર અથવા રૂબરૂ પહોંચાડવા માટેનું સરનામું:**

**ધી નાનુભાઇ એજ્યુકેશન ફાઉન્ડેશન, 101, પહેલો માળ, સાંઇ વિલા રેસિડેન્સી, કેદારેસ્વર કોમ્પ્લેક્ષની બાજુમાં, શાસ્ત્રી રોડ, બારડોલી તાલુકો- બારડોલી જીલ્લો- સુરત પીન- 394601**

**પગલું 7:** જો તમે શિષ્યવૃત્તિ ફાઇનલિસ્ટ તરીકે પસંદ કરવામાં આવે તો બોર્ડની પરિક્ષા પછી તમને અને વાલીને ઇન્ટર્વ્યુ માટે આપેલ મોબાઇલ નંબર પર સંપર્ક કરવામાં આવશે અને ધો. 12 ની માર્કશીટ સાથે લાવવાની રહેશે.

**પગલું 8:** શિષ્યવૃત્તિ વિજેતાઓની જાહેરાત પછી તેઓને શિષ્યવૃત્તિ કરાર પર સહિ કરવા માટે નાનુભાઇ એજ્યુકેશન ફાઉન્ડેશન,બારડોલી ઓફિસ બોલાવવામાં આવશે.

**પગલું 9:** શિષ્યવૃત્તિના પૈસા શિષ્યવૃત્તિ મેળવનાર અરજદારોને સીધે સીધા કોલેજ ફિની રસીદો અને બીજા દસ્તાવેજો અત્રે જમા કરાવ્યાં બાદ મોડામાં મોડું 15 ઓગસ્ટ સુધીમાં વિતરિત કરવામાં આવશે.